શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613
# ગુજરાત રક્ષા
GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

દુકાન ભાડે આપવાની છે
અર્નવ પોઈન્ટ
૧૫X૩૦ગ્રાઉન્ડ + ફસ્ટ ફ્લોરની
દુકાન ભાડે આપવાની છે.
સુરતીબજારમાં રોડ ટચ દુકાન
ભાડે આપવાની છે.
સંપર્ક નંબર
૯૯૧૩૪૧૮૧૮૧,૯૬૩૮૭૨૮૧૮૧

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૨૬-૦૮-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

# યુક્રેનથી પરત ફરતી વખતે ૪૬ મિનિટ સુધી પાકિસ્તાનમાં રહ્યું PM Modiનું પ્લેન





નવી દિલ્હી : પાકિસ્તાની મીડિયાના એક અહેવાલ અનુસાર પૉલેન્ડ અને યુક્રેનની યાત્રાથી પરત ફરતી વખતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન ૪૬ મિનિટ સુધી પાકિસ્તાનના એર સ્પેસમાં રહ્યું હતું. જેના પગલે પાકિસ્તાની અધિકારીઓ તેને લઈને ચર્ચા શરૂ થઈ છે. પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો પીએમ મોદીએ ગુડવીલ મેસેજ આપ્યા વિના પાકિસ્તાનના એર સ્પેશનો ઉપયોગ કર્યો છે.ગુડવીલ સંદેશ એક પરંપરા છે ફરજિયાત નથીપાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર, પાકિસ્તાન એરસ્પેસમાંથી પસાર થતી વખતે વડાપ્રધાન મોદીએ ગુડવીલ સંદેશ આપવાની પરંપરાને પણ અવગણી હતી. તેમના આ નિર્ણયથી બંને પાડોશી દેશો વચ્ચેના વણસેલા સંબંધો અંગે ફરી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જો કે, ઉડ્ડયન ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુડવીલ સંદેશ એક પરંપરા છે ફરજિયાત નથી.પીએમ મોદીએ ઈસ્લામાબાદ અને લાહોર ઉપર ઉડાન ભરી હતીપાકિસ્તાનના કેટલાક મીડિયા અહેવાલોએ સિવિલ એવિએશન ઓથોરિટીના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે ભારતીય વિમાન ચિત્રાલથી પાકિસ્તાનમાં પ્રવેશ્યું હતું અને અમૃતસરમાં પ્રવેશતા પહેલા ઈસ્લામાબાદ અને લાહોર ઉપરથી ઉડાન ભરી હતી. ઉડ્ડયન ક્ષેત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની એરસ્પેસ ભારતીય વાણિજિયક એર ટ્રાફિક માટે ખુલ્લું હતું. વડાપ્રધાનના વિમાનને કોઈપણ દેશની ઉપરથી ઉડવા માટે વિશેષ સંમતિની જરૂર નથી અને તેને સંપૂર્ણ પરવાનગી મળે છે.પાકિસ્તાને ૨૦૧૯થી ભારત માટે એરસ્પેસ બંધ કરી દીધી હતીબાલાકોટમાં ભારતના હવાઈ હુમલા પછી, પાકિસ્તાને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ થી આંતરરાષ્ટ્રીય સરહદ અને એરસ્પેસના ઉલ્લંઘનનો આરોપ લગાવીને તેની એરસ્પેસ સંપૂર્ણપણે બંધ કરી દીધી હતી. પાછળથી માર્ચમાં તેણે તેની એરસ્પેસ આંશિક રીતે ખોલી હતી. પરંતુ તેને ભારતીય ફ્લાઇટ્સ સુધી મર્યાદિત રાખી હતી. પાકિસ્તાને કાશ્મીર વિવાદ પર વધતા તણાવ વચ્ચે તે જ વર્ષે જર્મની માટે તેની એરસ્પેસનો ઉપયોગ કરવાની પીએમ મોદીની વિનંતીને ફગાવી દીધી હતી. બે વર્ષ બાદ પાકિસ્તાને ભારતીય વડાપ્રધાનની નોન-સ્ટોપ ફ્લાઈટને તેની એરસ્પેસ મારફતે અમેરિકા જવાની મંજૂરી આપી હતી.

## દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા AAPને ફટકો
## પાંચ કાઉન્સિલર ભાજપમાં જોડાતા રાજકીય ગરમાવો




હાલ દિલ્હીના મુખ્યમંત્રી લિકર પોલિસી કેસમાં જેલમાં બંધ છે, તો બીજીતરફ આવતા વર્ષે રાજધાનીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, ત્યારે તે પહેલા આમ આદમી પાર્ટી ને મોટો ઝટકો લાગ્યો છે. મળતા અહેવાલો મુજબ આપના પાંચ કાઉન્સિલરો ભાજપમાં જોડાયા છે. પાંચ કાઉન્સિલરો એ દિલ્હી ભાજપના નેતા ઓની ઉપસ્થિતિમાં ભાજપનો ખેસ ધારણ કર્યો છે. આ દરમિયાન વિરેન્દ્ર સચદેવા, રામવીર ભીધુરી સહિત અનેક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.ભાજપમાં સામેલ થયેલા પાંચ કાઉન્સિલરો રામ ચંદ્ર - વોર્ડ નંબર ૨૮ના કાઉન્સિલ રપવન સેહરાવત- વોર્ડ નંબર ૩૦ના કાઉન્સિલર મંજુ નિર્મલ- વોર્ડ નંબર ૧૮૦ના કાઉન્સિલર સુગંધા બિધુરી- વોર્ડ નંબર ૧૭૮ના કાઉન્સિલરમમતા પવન- વોર્ડ નંબર ૧૭૭ના કાઉન્સિલર કાઉન્સિલરો છોડીને જતા રહેતા AAP એ ભાજપ લગાવ્યો આક્ષેપ પાંચ કાઉન્સિલરો છોડીને ભાજપમાં જતા રહેતા આમ આદમી પાર્ટી નિવેદન આપ્યું છે. આપના પ્રવક્તાએઆક્ષેપ કર્યોછેકે, ભાજપે કાઉન્સિલરો પર દબાણ કર્યું હતું અને તેમને ધમકાવીને પાર્ટી બદલવા માટે મજબૂત કરાયા. આ બાબતને આપે લોકશાહી વિરુદ્ધ ષડયંત્ર ગણાવ્યું છે અને કહ્યું કે, ભાજપ આવી રમતો રમીને દિલ્હીના મતદારો પર પ્રભાવ નહી નાખી શકે.

## કુકરમુંડા તાલુકાના ફૂલવાડી ગ્રુપ ગ્રામપંચાયતમાં સમાવિષ્ઠ ગોરાસા ગામમાં આજરોજ વરસાદી પાણીના કારણે અનેક ઘરોમાં અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યું



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** કુકરમુંડા તાલુકાના ફૂલવાડી ગ્રુપ ગ્રામપંચાયતમાં સમાવિષ્ઠ ગોરાસા ગામમાં આજરોજ વરસાદી પાણીના કારણે અનેક ઘરોમાં અને રસ્તાઓ પર પાણી ફરી વળ્યું હતું.ગોરાસા ગામમાં અનેક ઘરોમાં વરસાદી પાણી ભરાઈ જતા પાણીમાં રહેવા મજબુર બન્યા છે. ગ્રામજનો જણાવે છે કે એક વર્ષે અગાઉ ગોરાસા ગામના ગ્રામજનો દ્વારા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીને અને ગામના સરપંચશ્રીને મૌખિક રજુઆત કરવામાં આવી હતી કે ગટર લાઈન નાખી આપવામાં આવે. છતાં પણ સરપંચે ગ્રામજનોની વાત ધ્યાનમાં ન લેતા આજે ગ્રામજનોને ખુબજ મુસીબતનો સામનો કરવા પડી રહ્યો છે.કુકરમુંડા તાલુકાના સ્થાનિક અધિકારીઓ દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરી રસ્તાઓ બનાવામાં આવે છે. પરંતુ ગટર બનાવી શકતા નથી ? સરપંચની બેદરકારીના કારણે હાલમાં ગ્રામજનોને કેટલી મુશ્કિલનો સામનો કરવો પડી રહ્યો છે. ગલી ગલીમાં રસ્તા બન્યા છે પણ ગટરનો અભાવ દરેક ફળિયામાં જોવા મળે છે. હાલ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ગોરાસા ગામના ગ્રામજનોને રૂબરૂ મુલાકાત કરી સાંભળે એવી લોક માંગ ઉઠી રહી છે. હવે જોવાનું રહ્યું કે તાલુકા વિકાસ અધિકારીશ્રી ગોરાસા ગામની મુલાકાત કરશે ? જે આવનાર સમયમાં ખબર પડશે.

## તાપી નદીના પુલ પરથી કુદતા યુવકને બચાવી લઇ સરાહનીય કામગીરી કરતી નિઝર પોલીસ સ્ટેશનની જી.આર.ડી.



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતી તાપી નદિના પુલ પરથી અવારનવાર અજાણ્યા લોકો તાપી નદીમાં છલાંગ લગાવી આત્મહત્યા કરતા હોય છે જેથી પો.ઇ.શ્રી વી.કે.પટેલ નિઝર પોલીસ સ્ટેશનની સુચના આધારે પો.સ્ટે. વિસ્તારના તાપી નદી ઉપરના કાવઠા બ્રિજ તથા હથોડા બ્રિજ ઉપર પોલીસ /જી.આર.ડી. ના પોઇન્ટ ગોઠવી સતત પેટ્રોલીગ રાખી આવા અજાણ્યા લોકો તાપી નદીમાં છલાંગ લગાવતા અટકાવી શકાય.જે સુચના આધારે ગઇ તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ આશરે સાંજના નવેક વાગ્યાના સમયે મહારાષ્ટ્ર રાજ્યના તળોદાના ગોપાલનગરનો હર્ષલભાઈ છોટુભાઇ સુર્યવંશી જે હથોડા પુલ ઉપર આત્મહત્યા કરવા આવેલ ત્યારે નિઝર પોલીસ સ્ટેશનના ર્ઈઢ શંકરભાઇ જીત્યાભાઈ પાડવી તથા ર્ઈઢ રાજકુમાર દિલીપભાઈ પાડવી પુલ ઉપર પેટ્રોલીગ કરતા હતા ત્યારે આ યુવકને તાપી નદીમાં કુદવા જતા બચાવી લઈ નિઝર પોલીસ સ્ટેશન લાવેલ અને આ યુવકને આત્મહત્યા કરતા બચાવી લઈ સરાહનીય કામગીરી કરેલ છે.સરાહનીય કામગીરી કરનાર :-(૧) GRD રાજકુમાર દિલીપભાઈ પાડવી (૨) GRD રાજકુમાર દિલીપભાઈ પાડવી

## વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનનાં પ્રોહીબીશ નનાં ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી તાપી એસ.ઓ.જી.

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : પોલીસ અધિક્ષકશ્રી, રાહુલ પટેલ સાહેબશ્રીએ એસ. ઓ. જી. ચાર્ટરને લગતી કામગીરી કરવા તથા તાપી જીલ્લાના તથા બહાર ના જીલ્લાના ગુનામાં સંડોવાયેલ નાસતા ફરતા આરોપી ઓને પકડી પાડવા સુચના આપવામાં આવેલ જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટર શ્રી, કે.જી. લીબાચીયા, એસ. ઓ. જી તાપીની સુચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખાના પોલીસ માણસો ડોલવણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન એસ.ઓ.જી. શાખાનાં એ. એસ. આઇ. આનંદજી ચેમાભાઇ તથા અ. હે. કો.



દાઉદભાઇ ઠાકોર ભાઇને સંયુકત બાતમી હકિકત આધારે વલસાડ રૂરલ પો. સ્ટે.માં નોંધાયેલ પ્રોહીબીશ નના ગુનામાં સંડોવાયેલ વોન્ટેડ આરોપી આરોપી નામ સંદિપભાઇ સીંગુભાઇ ગામીત ઉ.વ.૩૮, ધંધો, ખેતી. રહે, જામલીયા ચાર ચોકડી કરંજખેડ રોડ તા.ડોલવણ, જી.તાપીને તેના ઘરેથી ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.કામગીરી કરનાર અધિ./કર્મચારી(૧) UASૈ આનંદજીભાઇ ચેમાભાઇ એસ.ઓ.જી. તાપી(૨) અ.હે.કો. દાઉદ ઠાકોરભાઇ એસ.ઓ.જી. તાપી(૩) આ.પો.કો. વિપુલ રમણભાઇ એસ.ઓ.જી. તાપી

# અજાણ્યા યુવકો પલ્સર બાઇક ઉપર આવી સોનારની ચાંદી ચોરી ભાગી છૂટ્યા હતાં : ભાગી ગયેલ ચોરટાઓને પકડી પાડતી નિઝર પોલીસ







**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** તાપીના નિઝર પો.સ્ટે.માં ગઈ તા.૨૦/૦૧/૨૦૨૪ના રોજ નોંધાયેલ ગુના મુજબ નિઝર ગામથી એક-બે કી.મી.ના અંતરે નંદુરબાર જતા રોડની સાઇડમાં બનેલ હતો. જેમા રોજીંદી રીતે વેલ્દાથી દુકાન બંધ કરી નંદુરબાર ઘરે જતી વખતે નિઝર ગામથી એક-બે કી.મી.ના અંતરે પોતાની એકટીવા ગાડી રોડની સાઈડમા ઊભી રાખી પેશાબ કરતા હતા તે વખતે નંબર પ્લેટ વગરની પલ્સર બાઈક ઉપર બે અજાણ્યા યુવકોએ આવી ગાડી ઉપર મૂકેલ ચાંદી ચોરી કરી નંદુરબાર તરફ નાસી છૂટ્યા હતાં.આ ગુનામાં પો.ઈ.શ્રી વી.કે. પટેલ નિઝરની સૂચના અને માર્ગદર્શનના આધારે ખાનગી બાતમી આધારે તથા શકમંદ લોકોના ટેકનીકલ એનાલીસીસ તથા હ્યુમન રીસોર્સ આધારે માહીતી મેળવી આરોપી – કમલેશ ભાઇ આપસિંગભાઇ વળવી ઉ.વ.૨૪ ધંધો-મજુરી કામ રહે-વ્યાહુર ગામ હનુમાન મંદિરની સામે તા.જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) ની પુછપરછ કરતા તેણે પોતાનો આ ગુનો કબુલ કરી લેતા અને આ ગુનામાં અન્ય બીજા આરોપીઓ સુરજભાઈ શરદભાઇ પાડવી ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે-નલવા ગામ હનુમાન મંદિરની સામે તા.જી.નંદુરબાર તથા ઋષિભાઈ રવિંદ્રભાઇ રહે-નારાયણપુર પાપનેર મહારાષ્ટ્ર ની પુછપરછ કરતા ગુનો કબુલ કરતા તેઓની અટક કરી ગુનો શોધી કાઢેલ છે.તેમજ આ ગુનામાં ચોરીમાં ગયેલ ચાંદીના અલગ અલગ પ્રકારના કુલ્લે નંગ – ૧૬ જેનું કુલ વજન ૦૧ કિલ્લો જેની કુલ્લે કિંમત રૂા.૭૦,૦૦૦/- જે મુદ્દામાલ રીકવર કરી તેમજ ગુન્હાના કામે વપરાયેલ મો.સા. રજી.નં. MH-39-AK-7216 જેની કિ.રૂા.૭૦,૦૦૦/- ગણી લઈ કુલ મુદ્દામાલ કિ.રૂા.૧,૪૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડેલ છે. શોધાયેલ ગુનો-(૧) નિઝર પો.સ્ટે.ના ."A" પાર્ટ ગુ.ર.નં. ૧૧ ૮૨ ૪૦૦૭ ૨૪૦૦ ૨૫/ ૨૦૨૩, IPC કલમ- કલમ-૩૭૯,૧૧૪, ૧૨૦(બી) કડાયેલ આરોપીઓ- (૧) કમલેશ ભાઇ આપસિંગભાઇ વળવી ઉ.વ.૨૪ ધંધો- મજુરીકામ રહે-વ્યાહુર ગામ હનુમાન મંદિરની સામે તા.જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) (૨) સુરજભાઇ શરદભાઇ પાડવી ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે-નલવા ગામ હનુમાન મંદિરની સામે તા.જી. નંદુરબાર (૩) ઋષિદ્ધાઇ રવિંદ્રભાઇ ઉ.વ.૨૫ ધંધો-મજુરી રહે-નારાયણ પુર પાપનેર તા. જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) ગુન્હાનાં વોન્ટેડ આરોપી૧) દેવીદાસ રઘુનાથ પવાર રહે, નારાયણ પુર, પાપનેર તા.જી. નંદુરબાર (મહારાષ્ટ્ર) કામ ગીરી કરનાર ટીમ :-શ્રી પો. ઈ. શ્રી. વી.કે. પટેલ પોલીસ ઈન્સ્પેકટર, તથા અ. હે. કો. યોગેશભાઇ ભગત સિંહ તથા પો.કો. મેહુલભાઇ અરવિંદ ભાઇ તથા પો.કો. યતિનભાઇ શ્રાવણ ભાઇ તથા પો.કો. સંતવાનભાઇ ગોમા ભાઈ તથા પો.કો. મુકેશભાઈ સેંધાજી તથા પો.કો. ઉમેશભાઈ રમેશભાઇ તથા પો.કો. કલ્પેશભાઇ મસાભાઇ

# ઉત્રાણ રેલ્વે સ્ટેશન પાસે ટ્રેનની ટક્કરે ઘાયલ યુવકનું સારવાર દરમિયાન મોત



**(પ્રતિનિધિ દ્વારા, સુરત) :** રેલ્વે પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના વણ ઓળખાયેલ અકસ્માત મોત નં. ૧૭૧/૨૦૨૪ મ્હ્રજીજી ૧૯૪ મુજબ એક અજાણ્યો પુરૂષ ઉ.વ.૩૫ની આશરાનો તા.- ૦૨/૦૮/૨૪ ના રોજ સાંજે ૫:૩૫ વાગ્યાના સુમારે ઉત્રાણ રેલ્વે સ્ટેશન કિ.મી. નં. ૨૭૧/૨૩ પાસે ટ્રેન નં. ૧૯૦૨૦ અપ દહેરાદુન એકસ. ટ્રેનની ટક્કર વાગતા શરીરે ઈજાઓ થતા સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્મિમેર હોસ્પિટલ સુરત દાખલ કરવામાં આવેલ. જે સારવાર દરમિયાન તા. ૧૧/૦૮/૨૪નાં રોજ રાત્રે દસ વાગ્યે ફરજ પરના ડૉ.શ્રીએ મરણ જાહેર કરેલ. જે મરનારના કોઈ વાલી વારસો મળેલ ન હોય જે મરનારના વાલી વારસોની ભાળ મળી આવે તો રેલ્વે પોલીસને જાણ કરવા વિનંતી છે. જે મરનારની વિગત નીચે મુજબ છે.મરણ જનારની લાશનું વર્ણન :-એક અજાણ્યો પુરૂષ ઉ.વ. ૩૫ના આશરાનો, શરીરે મધ્યમ બાંધાનો, રંગે- ઘઉં વર્ણનો. ઉંચાઈ ૫૬×ની, જેના જમણા હાથે કલાઈમાં અંગ્રેજીમાં "SONU" તથા મહાદેવનો ફોટો તથા "ઓમ" "ત્રિશુલ" નું છૂંદણુ છે. કપડાનું વર્ણન જેણે કમરે મહેંદી કલરનું પેન્ટ પહેરેલ છે.

# વ્યારા તાલુકાના યુવા ઉત્સવમાં માઁ શિવદુતી સ્કૂલનાં વિધાર્થીઓ ઝળક્યા



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તા.૨૩/૦૮/૨૦૨૪ ને શુક્રવારના રોજ કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી દ્વારા સંચાલિત વિદ્યા ગુર્જરી માધ્યમિક શાળા, પનિયારીમાં વ્યારા તાલુકા કક્ષા યુવા ઉત્સવની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી.આ સ્પર્ધામાં મા શિવદુતી સાયન્સ સ્કૂલના ઘણા બધા વિધાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ છે જેમાં લોકવાધ સંગીતમાં-પાડવી મોહિત અરવિંદભાઇ પ્રથમ ક્રમે અને પટેલ ભાવિક ગણેશભાઈ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. નિબંધ સ્પર્ધા તથા સ્ટોરી રાયટીંગ બંને સ્પર્ધામાં રાજપુત વરુણ અજયસિંહ એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પોસ્ટર મેકિંગમાં અને ફોટોગ્રાફીમાં-ચૌધરી નિરવભાઈ રામપ્રસાદભાઈએ પ્રથમ ક્રમ અને ચૌધરી રોશની યોગેશભાઈએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. ડિકલેમેશન સ્પર્ધામાં-સરવૈયા રાહી અશોકભાઈ પ્રથમ ક્રમે, માહલે પ્રિયાંશી પ્રકાશભાઇ દ્વિતીય ક્રમે અને ચૌધરી ત્વિષા જયેશભાઈએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. સરવૈયા રાહીએ લોકવાર્તામાં-દ્વિતીય ક્રમ અને વકૃત્વ સ્પર્ધામાં-તૃતીય ક્રમ મેળવેલ હતો.ઉપરોક્ત વિજેતા થયેલ વિધાર્થીઓને શાળાના ચેરમેનશ્રી અજય સિંહ રાજપૂતે તથા શાળાના કેમ્પસ ડાયરેક્ટર જયેશભાઈ પારેખ આ વિશેષ ઉપલબ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. તથા શાળાના આચાર્યશ્રી પીયૂષ ભાઈ ભારતી વિધાર્થી ઓને અભિનંદન પાઠવ્યા હતાં

# વિદ્યા ગુર્જરી માધ્યમિક શાળામાં વ્યારા તાલુકા કક્ષાનાં યુવા ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** શ્રી અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાન સંચાલિત વિદ્યા ગુર્જરી માધ્યમિક શાળામાં તા.૨૩/૦૮/૨૦૨૪ ને શુક્રવારના રોજ કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર આયોજિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી દ્વારા સંચાલિત વિદ્યા ગુર્જરી માધ્યમિક શાળા, પનિયારીના સહયોગથી વ્યારા તાલુકા કક્ષા યુવા ઉત્સવની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે શ્રી અ.અ.વ્યા.પ્ર.વિ.પ્ર. ના મંત્રી માન.શ્રી નિખિલ ભાઈ આર શાહ, અતિથિ વિશેષ તરીકે સંસ્થાના ટ્રસ્ટી માન.શ્રી ચિરાગભાઈ પી. કોઠારી તેમજ પ્રાંત યુવા વિકાસ અધિકારી માન.શ્રી વિરલભાઈ ચૌધરી મંચસ્થ થયા હતા.કાર્યક્રમની શરૂઆત સરસ્વતી માતાની ઉપાસના દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. શાળાની બાળાઓએ સ્વાગત નૃત્ય રજુ કર્યું. શાળાના આચાર્યશ્રી જય ડી. વ્યાસ દ્વારા મંચસ્થ મહાનુભવો તથા ઉપસ્થિત સૌને ઉષ્માભર્યો આવકાર શાબ્દિક પ્રવચન દ્વારા આપવામાં આવ્યો. એમા આચાર્યશ્રી એ સંત વિનોબા ભાવેના કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ સાથેના એક પ્રસંગનો ઉલ્લેખ કરી ભારતના નકશાનું ઉદાહરણ આપી જો આપણે દેશને જોડવો હોય તો પહેલા લોકોને જોડવા પડશે. લોકો જોડાશે તો દેશ આપોઆપ જોડાય જશે. અર્થાત વ્યક્તિ નિર્માણથી જ દેશનું નિર્માણ થશેના પ્રસંગ દ્વારા શાળામાં વ્યક્તિ નિર્માણના કાર્યક્રમને પ્રાપ્ત કરવાની ખુશી વ્યક્ત કરી હતી અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રાંત યુવા વિકાસ અધિકારી શ્રી વિરલભાઈ ચૌધરી એ સૌને તાલુકા, જિલ્લા અને રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાએ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરવાની શુભેચ્છા વ્યક્ત કરી વક્તવ્યને વિરામ આપેલ. સંસ્થાના મંત્રી મા.શ્રી નિખિલભાઈ શાહે સૌ સ્પર્ધકોને ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને સૌને ખૂબ પ્રગતિના પંથે આગળ ધપવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી. શાળાના શિક્ષિકા શ્રીમતી રોહિણીબેન ચૌધરીએ ઉપસ્થિત સૌ નિર્ણાયકશ્રીઓ, વિવિધ શાળામાંથી ઉપસ્થિત થયેલ આચાર્યશ્રીઓ તથા સૌ સ્પર્ધકોનો દરેક નાના-મોટા કાર્યમાં ભૂમિકા ભજવનાર સેવક ભાઈઓનો આભાર વ્યક્ત કર્યો હતો. શાળામાં અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વ્યારા તાલુકાની વિવિધ શાળા તથા કોલેજમાંથી કુલ અંદાજિત ૧૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને કુલ ૧૯ કૃતિઓ રજુ કરવામાં આવી હતી તાલુકાની વિવિધ શાળાઓમાંથી કુલ ૩૪ જેટલા શિક્ષકશ્રીઓએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. શાળાના સૌ શિક્ષકશ્રીઓએ કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી કાર્યક્રમને ઉત્સાહભેર સફળ બનાવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્પિતાબેન પંચાલે કર્યું હતુ.

# ૧૫ થી ૩૫ વર્ષનાં યુવક-યુવતીઓ માટે વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ-૨૦૨૪-૨૫



**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ:- ૩૧ ઓગષ્ટ, ૨૦૨૪**

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધી નગર દ્વારા આયોજીત તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,તાપી દ્વારા સંચાલીત ૧૫ થી ૩૫ વર્ષનાં યુવક-યુવતીઓ માટે વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ. રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ નૈર્સગિંક દર્શન દ્વારા વન્ય પશુ-પક્ષીઓ, વૃક્ષો, પહાડો, ખડકો, ઝરણા, કોતરો વગેનેનો પ્રત્યક્ષ પરિચય કેળવે તથા તેઓમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ ભાવ વિકસે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ૧૦ દિવસના વન વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.અન્વયે ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર-૨૦૨૪ માં તાપી ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં પસંદગી પામેલ ૧૦૦ યુવક યુવતીઓને ૧૦-દિવસના આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે.જેઓ તા.૩૧/૧૨/૨૦૨૪ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ નીચે જણાવેલ વિગતો સાથેની પોતાની અરજી જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, તાપી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,તાપી બ્લોક નં-૦૬, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન પાનવાડી, વ્યારા,જિ.તાપી-૩૯૪૬૫૨ ને તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.૧. પુરૂ નામ/સરનામું (આધાર કાર્ડ/ રાજ્ય, કેન્દ્ર સરકાર, શાળા, કોલેજ દ્વારા અપાયેલ ફોટા સાથેના ઓળખકાર્ડની પ્રમાણીત નકલતથા રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ/લાઇટબીલ/ ગેસબીલ/ટેલીફોન બીલની પ્રમાણીત નકલ સામેલ કરવી.૨. જન્મ તારીખ (જન્મ તારીખના પ્રમાણપત્ર/ શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ બિનચૂક સામેલ કરવી.)૩. શૈક્ષણિક લાયકાત/વ્યવસાય અંગેની માહીતી.૪. પર્વતા રોહણ, એન.સી.સી., એન.એસ.એસ કે સ્કાઉટ ગાઇડ, હોમગાર્ડઝ જેવી પ્રવૃતિઓની શિબિરમાં તથા રમતગમત પ્રવૃતિઓમાંભાગ લીધેલ હોય તો તેની વિગત.૫. વાલીનો સંમતી પત્ર.૬. શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું ડોકટરનું પ્રમાણપત્ર.૭. તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝના ફોટાગ્રાફ સહિતની અરજી કરવા જણાવવામાં આવે છે.કાર્યક્રમ દરમ્યાન, નિવાસ, ભોજન તથા કાર્યક્રમ સ્થળે આવવા જવાનો પ્રવાસ ખર્ચ તેમજ ભાગ લેવા બદલ રાજ્ય સરકાર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. અધુરી વિગતોવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ૧૦૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. પસંદ થયેલ બાળકોને તેઓની પસંદગી અંગે જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી, તાપી મારફત ટેલીફોનિક જાણ કરવામાં આવશે. આ માટે કોઇ પત્ર વ્યવહાર કે વાદ-વિવાદ કરી શકાશે નહિ.

# તાપી જિલ્લામાં આગામી ૨૯મી ઓગસ્ટ "નેશનલ સ્પોર્ટસ ડે નિમિત્તે સાઇકલિંગ સ્પર્ધા યોજાશે




સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ આગામી ૨૮મી ઓગસ્ટ સુધી https://froms.gle/VQ6QHmaBtVT5NgqA9 તથા QR કોડ સ્કેન દ્વારા રજિસ્ટેશન કરવાનું રહશે

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તા. ૨૩ તાપી જિલ્લામાં નેશનલ સ્પોર્ટસ ડે નિમિત્તે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર તેમજ જિલ્લા વહિવટી તંત્ર તાપી દ્વારા આગામી ૨૯મી ઓગસ્ટના રોજ સવારે ૫:૦૦ કલાકે સાઇકલિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધી આપેલ લિંક https://froms.gle/VQ6QHmaBtVT5NgqA9 તથા ઊઈ કોડ સ્કેન કરી રજિસ્ટેશન કરવાનું રહશે. આ સ્પર્ધાની શરુઆત જિલ્લા સેવા સદનના મુખ્ય ગેટ પાસેથી કરવામાં આવશે.નોધનિય છે કે, આ સ્પર્ધામાં મુખ્ય ૦૨ ઈવેન્ટ ૫૦ કિ.મી. સાઈકલીંગ તથા ૨૫ કિ.મી. સાઈકલીંગ યોજાશે. એક ખેલાડી કોઈ પણ એક ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ભાઈઓ તથા બહેનો એમ ૦૨ કેટેગરીમાં સ્પર્ધા યોજાશે. ભાગ લેનાર તમામ ખેલાડીઓને હેલમેટ પહેરવુ ફરજીયાત રાખેલ છે. વિજેતા ભાઈઓ – બહેનોને ટ્રોફી આપી સન્માન કરવામાં આવશે તેમજ તમામ ફિનીશર ખેલાડીઓને મેડલ આપવામાં આવશે. આથી આ સ્પર્ધામાં વધુમાં વધુ નાગરિકો જોડાય તે માટે સૌને જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જાહેર અપિલ કરવામાં આવી છે.

# કાશ્મીરમાં ચૂંટણીથી લોકશાહી પરનું કલંક દૂર થશે




**જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી. પંચે કરેલી જાહેરાત પ્રમાણે, જમ્મુ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ૯૦ બેઠકની ચૂંટણીમાં ૧૮ સપ્ટેમ્બરે પ્રથમ તબક્કામાં ૨૪ બેઠક પર, ૨૫ સપ્ટેમ્બરે બીજા તબક્કામાં ૨૬ બેઠક અને ૧ ઓક્ટોબરે ત્રીજા તબક્કામાં ૪૦ બેઠક પર ચૂંટણી યોજાશે.**

કેન્દ્રીય ચૂંટણી પંચે અંતે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી. પંચે કરેલી જાહેરાત પ્રમાણે, જમ્મુ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ૯૦ બેઠકની ચૂંટણીમાં ૧૮ સપ્ટેમ્બરે પ્રથમ તબક્કામાં ૨૪ બેઠક પર, ૨૫ સપ્ટેમ્બરે બીજા તબક્કામાં ૨૬ બેઠક અને ૧ ઓક્ટોબરે ત્રીજા તબક્કામાં ૪૦ બેઠક પર ચૂંટણી યોજાશે.જમ્મુ અને કાશ્મીર સાથે હરિયાણામાંપણ વિધાનસભાની ચૂંટણી થવાની છે. હરિયાણા મહત્ત્વનું રાજ્ય છે પણ જમ્મુ અને કાશ્મીર જેવી આતંકવાદ કે બીજી કોઈ સમસ્યા નથી તેથી હરિયાણામાં એક જ તબક્કામાં ૧ ઓક્ટોબરે મતદાન થશે. આ બન્ને રાજ્યોમાં ૪ ઓક્ટોબરે મત ગણતરી થશે. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા પછી લેફ્ટનન્ટ ગવર્નરના શાસન હેઠળ છે. કલમ ૩૭૦ હટાવ્યા પછી જમ્મુ કાશ્મીરમાં પહેલી વાર વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે તેથી ભારત માટે આ ચૂંટણી બહુ મહત્વની છે.જમ્મુ અને કાશ્મીરમાં ૩૦ સપ્ટેમ્બર સુધીમાં વિધાનસભાની ચૂંટણી કરાવવા માટે સુપ્રીમ કોર્ટે મહેતલ આપેલી તેથી કેન્દ્ર સરકાર પાસે ચૂંટણી કરાવવા સિવાય વિકલ્પ નહોતો. પહેલાં એવી ધારણા હતી કે, જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની ચૂંટણીની સાથે જ વિધાનસભાની ચૂંટણી પણ થશે પણ કેન્દ્ર સરકારે એવું ના કર્યું તેના કારણે કાશ્મીરમાં ફરી ચૂંટણી પાછી ઠેલાશે કે શું એવા સવાલ પણ ઉઠવા માંડેલા.સુપ્રીમ કોર્ટે ભલે કેન્દ્ર સરકારને પૂર્ણ રાજ્યનો દરજજો આપવા અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં વિધાનસભાની ચૂંટણી કરાવીને લોકશાહીની સ્થાપના કરવા ફરમાન કરેલું પણ અચાનક વધેલા આતંકવાદી હુમલાને કારણે સરકાર પીછેહઠ કરી લેશે એવી પણ ધારણા હતી પણ સદનસીબે કેન્દ્ર સરકારે પીછેહઠ કરવાના બદલે ચૂંટણી પ્રક્રિયાને પાર પાડવાનો નિર્ણય લઈ લીધો.આ નિર્ણય મર્દાનગીભર્યો છે એ સ્વીકારવું પડે. જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની ચૂંટણી તો સફળતાપૂર્વક થઈ ગઈ પણ વિધાનસભાની ચૂંટણી રોકવા માટે આતંકવાદીઓ પૂરી તાકાત લગાવી રહ્યા છે. એક તરફ કેન્દ્ર સરકાર ચૂંટણીની તૈયારીમાં લાગેલી હતી તો બીજી તરફ આતંકવાદીઓ ગમે તે ભોગે આ ચૂંટણીને રોકવામાં લાગેલા છે. આ કારણે તેમણે કાશ્મીર ખીણમાં જ નહીં પણ જમ્મુમાં પણ આતંકવાદી હુમલા વધારી દીધા છે અને મોટા ભાગના હુમલા આર્મીના જવાનો પર થઈ રહ્યા છે. આ હુમલાઓના કારણે ચૂંટણી મોકૂફ રખાઈ હોત તો ભારત સરકાર ડરી ગઈ એવો મેસેજ ગયો હોત અને આતંકવાદીઓનો જુસ્સો વધી ગયો હોત. કેન્દ્ર સરકારે આતંકવાદીઓનો જુસ્સો વધારવાના બદલે ચૂંટણી કરાવીને તેમને જવાબ આપવાનું પસંદ કર્યું છે એ સારું છે.જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીનું એલાન કરાવીને કાશ્મીર મુદ્દે ચાલતા કુપ્રચારને પણ જોરદાર જવાબ અપાયો છે. મોદી સરકારે બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી દીધી પછી જમ્મુ અને કાશ્મીરનો રાજ્યનો દરજજો પણ છિનવી લીધો. ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના દિવસે બંધારણની કલમ નાબૂદ કરાઈ પછી જમ્મુ અને કાશ્મીરનું બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજન કરી દીધું હતું.આ નિર્ણય અંતર્ગત જમ્મુ અને કાશ્મીરની વિધાનસભાનું પણ વિસર્જન કરી દેવાયું. છેલ્લા પાંચ વર્ષથી જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા નથી કે ચૂંટાયેલી સરકાર નથી. દિલ્હીથી મોકલાયેલા લેફ્ટનન્ટ ગવર્નર જમ્મુ અને કાશ્મીરનો વહીવટ કરે છે તેના કારણે એવો પ્રચાર કરાઈ રહ્યો છે કે, ભારતે લશ્કરના જોરે જમ્મુ અને કાશ્મીર પર કબજો કરી રાખ્યો છે. બાકી કાશ્મીરની પ્રજા તો કલમ ૩૭૦ નાબૂદ કરાઈ તેના કારણે રોષમાં છે.લોકસભાની ચૂંટણીમાં કાશ્મીરની પ્રજાએ નોંધપાત્ર મતદાન કરીને આ વાતને ખોટી પાડી દીધી. કાશ્મીરની પ્રજાએ હકારાત્મક વલણ બતાવીને ભારતમાં અને ભારતની લોકશાહીમાં વિશ્વ્વાસ બતાવ્યો પછી ભારત પીછેહઠ કરીને ચૂંટણી ના કરે તો એ શરમજનક કહેવાત. જમ્મુ અને કાશ્મીરની પ્રજાનો ભારતમાંથી ભરોસો ઊઠી જાત પણ સદનસીબે કેન્દ્ર સરકારે એવું થવા દીધું નથી.જમ્મુ અને કાશ્મીરની આ વિધાનસભાની ચૂંટણી એ રીતે પણ મહત્ત્વની છે કે તેના કારણે જમ્મુ અને કાશ્મીરને રાજકીય સ્થિરતા મળશે અને રાજ્યમાં ફરી લોકશાહીની સ્થાપના થશે, મતદારોના જનાદેશથી બનેલી સરકારના હાથમાં સત્તાનાં સૂત્રો જશે.જમ્મુ-કાશ્મીરમાં ૨૦૧૪માં છેલ્લી વિધાનસભા ચૂંટણી યોજાઈ ત્યારે ૮૭ બેઠકોવાળી વિધાનસભામાં મહેબૂબા મુફ્તીની જમ્મુ કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી ને સૌથી વધુ ૨૮ બેઠક મળી હતી. ભાજપે બીજા સ્થાને આવીને ૨૫ બેઠક જીતી હતી. ફારુક અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સે ૧૫ બેઠક જીતી હતી જયારે કોંગ્રેસને ૧૨ બેઠક મળી હતી. ત્રણ બેઠક પર અપક્ષો અને અન્ય નાના પક્ષોએ ચાર બેઠક પર જીત મેળવી હતી. કોઈ પણ પક્ષ બહુમતીના આંક સુધી પહોંચી શક્યો નહોતો તેથી સરકારની રચના થઈ શકી નહોતી. સરકાર રચવા માટે વાટાઘાટો શરૂ થયેલી ને અંતે પરિણામોના લગભગ અઢી મહિના બાદ પીડીપીના મુફ્તી મોહમ્મદ સઈદે ભાજપના ટેકાથી સરકાર રચીને રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ૭ જાન્યુઆરી ૨૦૧૬ના રોજ મોહમ્મદ સઈદના મૃત્યુ પછી રાજ્ય ફરી એક વાર રાજકીય અનિશ્ર્ચિતતા દોરમાં જતું રહ્યું હતું અને રાજ્યમાં રાજ્યપાલ શાસન લાદવું પડ્યું હતું. લગભગ ત્રણ મહિનાની અનિશ્ર્ચિતતા પછી ભાજપ અને પીડીપી વચ્ચે ફરીથી સમજૂતી થઈ અને મહેબૂબા મુફ્તીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ૪ એપ્રિલ ૨૦૧૬ના રોજ મહેબૂબા રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યાં પછી પીડીપી-ભાજપની મોરચા સરકાર બે વર્ષથી વધુ સમય સુધી ચાલી હતી. જૂન ૨૦૧૮માં ભાજપે મહેબૂબા સરકારને ટેકો પાછો ખેંચી લેતાં મહેબૂબા મુફ્તીની સરકાર ગબડી પડી પછી રાજ્યમાં રાજ્યપાલ શાસન લદાયું હતું. રાજ્યપાલ શાસન તળે જ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી થઈ હતી. લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતાં ૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ જમ્મુ અને કાશ્મીરને વિશેષ અધિકાર આપતી કલમ ૩૭૦ નાબૂદ કરીને રાજ્યનો વિશેષ દરજજો નાબૂદ કરવામાં આવ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. આમ છેલ્લાં ૭ વર્ષથી જમ્મુ અને કાશ્મીરમાં લોકોએ ચૂંટેલી સરકાર નથી. ભારત જેવા સંપૂર્ણપણ લોકશાહીને વરેલા દેશમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારના બદલે ૭ વર્ષથી કેન્દ્રની સરકારના ઈશારે વહીવટ ચાલે એ શરમજનક કહેવાય. હવે કલમ ૩૭૦ હટાવ્યા બાદ રાજ્યમાં પ્રથમ વખત વિધાનસભા ચૂંટણી યોજાશે ને નવી સરકાર રચાશે એ સાથે જ એ શરમ પણ દૂર થશે.

## ગુજરાત રક્ષા

**તંત્રી સ્થાનેથી**

## ભારતે ઝાકિર નાઈકને લાવવાની વાત ભૂલી જવી પડે

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર આવી પછી વિદેશમાં ભારતનો દબદબો વધ્યો હોવાની વાતો વચ્ચે મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમે ઝાકીર નાઈકને ભારતને સોપવાનો ફરી ઈન્કાર કરી દીધો. નરેન્દ્ર મોદી હમણાં અનવર ઈબ્રાહિમને મળ્યા ત્યારે આપણા વિદેશ મંત્રી એસ. જયશંકરે કટ્ટરવાદી મુસ્લિમ ઉપદેશક ઝાકિર નાઈકના પ્રત્યાર્પણનો મુદ્દો ઉઠાવ્યો હતો પણ અનવર ઈબ્રાહિમે વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી.અનવરે સાફ શબ્દોમાં કહ્યું કે, ઝાકિર નાઈકે મલેશિયામાં ભારત વિરુદ્ધ વિવાદાસ્પદ કંઈપણ કહ્યું નથી અને જ્યાં સુધી ઝાકિર નાઈક સમસ્યાઓ ઊભી નહીં કરે અથવા સુરક્ષા માટે ખતરો નહીં આપે ત્યાં લગી અમારા માટે ઝાકિરને સોંપવાનો સવાલ જ પેદા થતો નથી. અનવરે એવી ગોળી પણ ગળાવી કે, ઝાકિર નાઈકના પ્રત્યાર્પણ માટે ભારત મજબૂત પુરાવા આપે તો અમે તે અંગે વિચારીશું પણ હમણાં તો ઝાકિરને ભારતને સોંપવાનો સવાલ જ પેદા થતો નથી. મલેશિયાના વડા પ્રધાન બન્યા પછી અનવર ઈબ્રાહિમ પ્રથમ વખત ભારતની મુલાકાતે આવ્યા છે ને ભારતની ધરતી પર ઊભા રહીને તેમણે મોદી સરકારને અહેસાસ કરાવી દીધો કે, મલેશિયા માટે ભારત સાથેના સંબંધો કરતાં ઝાકિર નાઈક વધારે મહત્ત્વનો છે.મલેશિયાએ ઝાકિર નાઈક મામલે પહેલી વાર આપણને અટકાવ્યા નથી. આ પહેલાં ૨૦૧૮માં પણ મલેશિયાના વડા પ્રધાન મહાથિર મોહમ્મદે તડ ને ફડ કરીને કહી દીધેલું કે, ઝાકિર નાઈક મલેશિયામાં જ રહેશે ને તેને ભારત મોકલવાનો સવાલ જ પેદા થતો નથી. મહાથિરે સાફ શબ્દોમાં કહેલું કે, ઝાકિરે ભારતમાં જે કાંઈ કર્યું હોય. અમારે તેની સાથે કંઈ લેવાદેવા નથી. ઝાકિર મલેશિયામાં કોઈ ગરબડ કરતો નથી ને ગરબડ નહીં કરે ત્યાં સુધી મલેશિયામાં રહી શકશે કેમ કે અમે તેને પરમેનન્ટ રેસિડેન્સી આપી છે.મહાથિરે આ વાત કરી તેનું કારણ મોદીભક્ત મીડિયાએ ચલાવેલું તૂત હતું. આક્રમક અને ધર્માંધતાથી ભરેલાં પ્રવચનો માટે કુખ્યાત વિવાદાસ્પદ મુસ્લિમ પ્રવચનકાર ઝાકીર નાઈક સામે ભારતમાં પ્રતિબંધ મૂકાયો પછી એ મલેશિયા ભાગી ગયેલો. મોદી સરકારે ૨૦૧૬ની શરૂઆતમાં ઝાકિર નાઈકની સંસ્થા ઈસ્લામિક રીસર્ચ ફાઉન્ડેશન( આઈઆરએફ) પર પણ ધ અનલોફુલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ હેઠળ પાંચ વર્ષનો પ્રતિબંધ ઠોકી દીધો હતો. ઝાકિર સામે આતંકવાદી પ્રવૃત્તિને લગતા બીજા પણ કેસો નોંધાયેલા પણ આ કેસો ચલાવી શકાય એ પહેલાં તો ઝાકિર રફુચક્કર થઈ ગયેલો.ઝાકિર હળાહળ હિંદુવિરોધી હોવાથી તેને ભારતમાં ઢસડી લાવવો મોદી સરકાર માટે પ્રતિષ્ઠાનો સવાલ બની ગયેલો અને મોદી સરકાર લાંબા સમયથી ઝાકિરને અહીં ઢસડી લાવવા મથતી હતી પણ મેળ નહોતો પડતો. ૨૦૧૮માં મલેશિયાએ ચીનનો એક પ્રોજેક્ટ રદ કરી નાખ્યો પછી મોદીભક્ત મીડિયાએ તૂત ચલાવ્યું કે ભારતના દબાણના કારણે મલેશિયાએ ચીનને રસ્તો બતાવી દીધો. તેના પગલે એવી વાતો જોરશોરથી ચાલી કે મોદી સરકારના દબાણના કારણે ઝાકિર નાઈકને ભારતને સોંપવા મલેશિયાની સરકાર રાજી થઈ ગઈ છે.અતિ ઉત્સાહી ટીવી ચેનલોએ તો ઝાકિરને સાંજ લગીમાં તો મુંબઈ એરપોર્ટ પર ઉતારી દેવાનાં એલાન પણ કરી નાખેલાં. ઝાકિરના પબ્લિક રિલેશન ઓફિસરે આ વાતોને બકવાસ ગણાવીને સાફ શબ્દોમાં કહેલું કે, ઝાકિર નાઈક મલેશિયામાં ખાય છે, પીએ છે ને મજા કરે છે. ઝાકિરનો ભારતમાં આવવાનો સવાલ જ પેદા થતો નથી. એ પછી મહાથિરે પોતે આવીને ઝાકિરને ભારતને નહીં સોંપાય એવું એલાન કર્યું ત્યારે ચેનલોવાળા માંડ માંડ ટાઢા પડ્યા હતા.અત્યારે ટીવી ચેનલોની આબરૂ તળિયે છે કેમ કે લોકસભાની ચૂંટણી વખતે કરેલી મોદીભક્તિના કારણે લોકોને તેમની વાતો પર ભરોસો જ રહ્યો નથી. ચેનલોએ મોદીની ચાપલૂસી કરી કરીને વિશ્ર્વસનિયતા ગુમાવી દીધી છે. આ વાત ચેનલો પણ સમજવા માંડી છે એટલે થોડી માપમાં રહે છે. આ કારણે ચેનલોએ ઝાકિરનો મામલો નહોતો ઉઠાવ્યો પણ જયશંકરે વિદેશ મંત્રી તરીકે આ મુદ્દો છેડવો પડે તેમ જ હતો તેથી તેમણે વાત માંડી પણ ઈબ્રાહિમે તેમને પણ ટાઢા કરી દીધા.આપણા માટે શરમજનક વાત એ છે કે, બાંગ્લાદેશમાં ઝાકિર નાઈકની ચેનલ પાછી ચાલુ થઈ ગઈ છે. મતલબ કે, ભારત અને હિંદુઓ સામે ઝેર ઓકવાનો કાર્યક્રમ પાછો પુરજોશમાં ચાલુ થઈ ગયો છે. શેખ હસીનાને કારણે બાંગ્લાદેશમાં ઝાકિરની ચેનલ પર પ્રતિબંધ મુકાવવામાં આપણે સફળ રહેલા પણ હસીના ભાગ્યાં એ સાથે જ પાછું એ તૂત શરૂ થઈ ગયું છે ને તેને રોકવાની આપણી તાકાત નથી.અનવર ઈબ્રાહિમની વાતનો સ્પષ્ટ અર્થ એ છે કે, આપણે ગમે તેટલા ઉધામા કરીએ પણ ઝાકિર નાઈકને પાછો ભારત લાવી શકવાના નથી. ભાજપ ને ભાજપના ચમચા ગમે તેટલા ફડાકા મારે પણ ઝાકિર નાઈક જેવા ટટપૂંજીયાને મલેશિયા જેવો ફાલતુ દેશ આપણને ના સોંપે તેના પરથી જ દુનિયામાં આપણો કેવો વટ વધ્યો છે એ સ્પષ્ટ થઈ જાય છે.જો કે ઝાકિરને પાછો લાવવા આપણે અત્યારે હવાતિયાં માર્યા કરીએ છીએ પણ ઝાકિર ભારતમાં હતો ત્યારે પણ મોદી સરકાર તેનું કશું ઉખાડી શકી નહોતી. શેખ હસીનાના દબાણને કારણ મોદી સરકારે ઝાકિર સામે આકરા થવું પડેલું, બાકી મોદી સરકાર તો હાથ પર હાથ મૂકીને બેઠી હતી. ઝાકિર નાઈક પીસ ટીવી પર ઈસ્લામનો પ્રચાર કરવાના બહાને ઝેર ઓકતો હતો. ઝાકિર બહુ સફાઈથી સીધી રીતે આતંકવાદને પોષતો હોય કે લોકોને ભડકાવતો હોય તેવું કશું બોલતો નહીં પણ સરકારે ધાર્યું હોત તો એ વખતે પણ તેને આંટીમાં લઈ શકાયો હોત પણ ત્યારે કશું ના કર્યું.

## ગોયલનો બાળાપો સાચો, ઈ-કોમર્સે નાના દુકાનદારોને ખતમ કરી દીધા

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારનું શાસન આવ્યું પછી રોજગારી વધી હોવાના ભાજપના દાવાના મોદી સરકારના કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી મિનિસ્ટર પિયૂષ ગોયલે જ છોતરાં કાઢી નાખ્યાં છે. નવી દિલ્હીમાં ગોયલને ભારતમાં ઈ-કોમર્સના કારણે રોજગારી વધી છે અને ગ્રાહકોને પણ ફાયદો થાય છે એ પ્રકારના રીપોર્ટને લોંચ કરવાના કાર્યક્રમમાં બોલાવાયા હતા. કાર્યક્રમમાં ગોયલ ઈ-કોમર્સ કંપનીઓનાં વખાણ કરશે એવી અપેક્ષા રખાતી હતી પણ ગોયલ તો ઈ-કોમર્સ કંપનીઓ પર તૂટી પડયા. ઈ-કોમર્સની તારીફ કરતો જે રીપોર્ટ લોંચ કરાયો તેમાં દાવો કરાયો છે કે, ઈ-કોમર્સના કારણે દેશમાં ૧.૫૦ કરોડ વધારાની રોજદારી પેદા થઈ છે. ગોયલે ઈ-કોમર્સના કારણે રોજગારી વધી હોવાના દાવાને બકવાસ ગણાવીને કહ્યું કે, એમેઝોન સહિતની મોટી કંપનીઓ ભારતમાં ઈ-કોમર્સની જાળ ફેલાવી રહી છે તેના કારણે દેશના ૧૦ કરોડ નાના વેપારીઓ તબાહ થઈ રહ્યા છે, તેમના ધંધા ઠપ્પ થઈ રહ્યા છે અને દુકાનોને તાળાં વાગી રહ્યાં છે તેથી ઉલટાની રોજગારી ઘટી રહી છે.ગોયલે તો સવાલ પણ કર્યો કે, આપણે



ઈ-કોમર્સનો વિકાસ થવા દઈને ભારતમાં ભયંકર તબાહી લાવવા માગીએ છીએ ? ગોયલે ઈ-કોમર્સના કારણે રોજગારી વધી હોવાનો રીપોર્ટ બનાવનારી અર્ન્સ્ટ એન્ડ યંગને પણ આડે હાથ લેતાં કહ્યું કે, એ લોકોને ભારતમાં ગામડાંમાં શું સ્થિતી છે તેનું ભાન નથી અને બકવાસ રીપોર્ટ બનાવીને લોકોને બેવકૂફ બનાવે છે.ભારતમાં એમેઝોન સૌથી મોટી ઈ-કોમર્સ કંપની છે તેથી ગોયલનો બધો ગુસ્સો એમેઝોન પર સૌથી વધારે ફૂટયો છે. એમેઝોને હમણાં ભારતમાં વધુ ૧ અબજ ડોલર (લગભગ ૮૪૦૦ કરોડ રૂપિયા)નું રોકાણ કરવાની જાહેરાત કરી છે. ગોયલે એમેઝોનને આડે હાથ લેતાં કહ્યું કે, કંપની આ રોકાણ કરીને ભારત પર અહેસાન નથી કરી રહી કે ભારતના અર્થતંત્રને મદદ કરવા આ રોકાણ નથી કરી રહી પણ વિદેશમાં કંપનીને થયેલું નુકસાન ભરપાઈ કરવા આ ધંધો કરાઈ રહ્યો છે. એમેઝોન ભારતમાં રોકાણ કરે તેનાથી હરખાવા જેવું પણ નથી કેમ કે એમેઝોને પોતાના હરીફોને સાફ કરી દેવા નીચા ભાવ રાખ્યા તેમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે આ રોકાણ કરાઈ રહ્યું છે. એમેઝોને ભારતમાં ગયા વરસે ૬૦૦૦ કરોડ રૂપિયાની ખોટ કરી હોવાના દાવાનાં છોતરાં ઉડાવતાં ગોયલે કહ્યુ કે, એમેઝોને આ ખોટમાંથી ૧૦૦૦ કરોડ રૂપિયા તો પ્રોફેશનલ્સને ચૂકવ્યા છે. ગોયલે કટાક્ષ પણ કર્યો કે, એમેઝોને ક્યા પ્રોફેશનલ્સને ૧૦૦૦ કરોડ રૂપિયા ચૂકવ્યા એ જાણવામાં મને પણ રસ છે કેમ કે હું પણ સીએ છું અને આટલી તોતિંગ રકમ મને મળતી નથી.

# તાડકુવા ગામમાં કૃષ્ણનગર ખાતેથી ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા આરોપીઓને રૂપિયા. ૧,૯૧,૬૧૦/- ના કુલ મુદ્દામાલ સાથે ઝડપી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** શ્રી એન.જી. પાંચાણી, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીએ પ્રોહી જુગારની પ્રવૃતિ રોકવા સુચના આપેલ હોય જે આધારે આજરોજ પેરોલ ફર્લો સ્કોર્ડમાં ફરજ બજાવતા પો.કો. વિનોદભાઈ ગોકળભાઈ તથા પો.કો. હસમુખભાઈ વીરજી ભાઈને સયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકીક્ત મળેલ છે કે, કાકરાપાર પો.સ્ટે.ની હદમાં આવેલ "તાડકુવા ગામમાં કૃષ્ણનગર માં આવેલ પરબત ભાઇ કેસુરભાઇ લગારીયાના ઓના ઘરની આગળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાંક ઈસમો ગોળકુંડાળુ કરી પૈસાથી ગંજી પાનાનો હારજીતનો જુગાર રમે છે." જે બાતમી આધારે પો.સ.ઈ.શ્રી, એન.એસ. વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી, એલ.સી.બી. તાપી/પેરોલ-ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા આરોપી- (૧) હેમંતભાઇ ભીખાભાઇ ભાટીયા ઉ.વ. ૪૨ રહે. પાનવાડી નિશાળ ફળીયામાં ઈશ્વરભાઇ ચોધરીના મકાનમાં તા.વ્યારા જી.તાપી (૨) ભરતભાઇ ભીખભાઇ વારોતરીયા ઉ.વ.૩૬, રહે. તાડકુવા કૃષ્ણ નગર સોસાયટી તા. વ્યારા જી.તાપી (૩) નરેશભાઇ ભીખાભાઇ સોલંકી ઉ.વ.૩૫, રહે. બેડકુવા નજીક ગામ પારસ સાંઇ કાંટાની સામે તા.વ્યારા જી.તાપી (૪) વલ્લભભાઇ અર્જુનભાઇ ભેંડા ઉ.વ.૩૬, રહે. તાડકુવા ગામ કૃષ્ણનગર તા.વ્યારા જી.તાપી (૫) પરબતભાઇ સવદાસ ભાઇ કંડોરીયા ઉ.વ.૬૫, રહે. બેડકુવા નજીક પારસ સોસાયટી સીંગ ફેક્ટરીની બાજુમાં તા.વ્યારા જી.તાપી (૬) મેરકભાઈ ધયણાતભાઇ (આહીર) કરમુર ઉ.વ.૫૯, રહે. બેડકુવા નજીક પારસ સોસાયટી તા.વ્યારા જી.તાપી (૭) મુકેશભાઇ માંડણભાઇ પરમાર ઉ.વ.૩૮, રહે.બેડકુવા નજીક તા.વ્યારા જી.તાપી મુળ રહે. ગોકલપર ગામ તા.કલ્યાણપુર જી.દેવભુમી દ્વારકાને ગેરકાયદેસર રીતે જુગાર રમતા જુગારના દાવ ઉપર મુકેલ રોકડા રૂપિયા-૨૨,૫૦૦/- તથા અંગઝડતી દરમ્યાન મળી આવેલ રોકડા રૂપિયા-૮૪,૧૧૦/- તથા ગંજીપાના નંગ-૫૨ ની તથા મોબાઈલ નંગ- ૦૫ કિં.રૂ.૫૫,૦૦૦/- તથા એક મોટર સાયકલ જેની કિ.રૂ. ૩૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ. ૧,૯૧,૬૧૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી આ આરોપીઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :- ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એન. જી. પાંચાણી એલ. સી.બી. તાપીની સુચનાથી પો. સ. ઈ. શ્રી, એન.એસ. વસાવા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી તથા અ.પો.કો. વિનોદભાઈ ગોકળભાઈ, અ.પો.કો. ધનંજયભાઈ ઈશ્વરભાઈ, અ. પો. કો. હસમુખભાઈ વિરજી ભાઈ તમામ નોકરી પેરોલ/ ફર્લો સ્કોડ-તાપી તથા અ.હે.કો. ધર્મેશભાઈ મગન ભાઈ, અ. પો. કો. વિનોદ ભાઈ પ્રત્તાપ ભાઈ, પો.કો. અરૂણ ભાઇ જાલમ સીંગ, અ.પો.કો. રોનકભાઇ સ્ટીવન્સન તમામ નોકરી એલ.સી.બી.તાપી નાઓએ કામગીરી કરેલ છે.

# તાપી જિલ્લાના નિઝર તાલુકામાં વ્યક્તિગત શૌચાલય યોજનામાં વ્યાપક ભ્રષ્ટ્રાચાર થતો હોવાની રાવ !!



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** તાપી જિલ્લાનો નિઝર તાલુકો એટલે દિવસ કરતા રાતે ભ્રષ્ટ્રાચાર વધુ થતો હોય એવો તાલુકો છે ! ભ્રષ્ટ્રાચારનો જાણે અખાડો બની ગયો છે ! નિઝર તાલુકાના તમામ ગ્રામ્યકક્ષાએ બનાવવામાં આવતા વ્યક્તિ ગત શૌચાલય યોજના મા વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાનુ સામે આવ્નિયુ છે. નિઝર તાલુકા પંચાયત એસ. બી. એમ. શાખામાં આ અંગે પૂછવામાં આવતા રીતેશભાઈ અને ભુપેન્દ્રભાઈ નામના કર્મચારીએ શાખામાં ચાલતો ભ્રષ્ટ્રાચાર ઉજાગર ન થાય એ માટે ઉડાવ જવાબ આપ્યો હતો.અચરજ પમાડે એવી હકીકત જોઈએ તો નિઝર તાલુકામાં વ્યક્તિગત શૌચાલય યોજનામાં વર્ષ: ૨૦૧૯માં મૃત વ્યક્તિને પણ શૌચાલય આપવામાં આવેલ છે. બીજી નવાઈની વાત એવી છે કે આજ દિન સુધી મૃત થયેલ વ્યક્તિના ઘરે શૌચાલય બનાવવામાં આવેલ નથી ! મૃત થયેલ વ્યક્તિના પરિવારને રૂબરૂ સ્થળ પર મુલાકાત કરતા આ માહિતી બહાર આવી છે કે વર્ષ:૨૦૦૫માં લાભાર્થી મૃત્યુ પામે છે ત્યારે ૨૦૧૯થી ૨૦૨૪માં તાલુકા પંચાયત કચેરી દ્વારા કઈ રીતે શૌચાલયનો લાભ આપી શકે? અને શૌચાલય મૃત વ્યક્તિના નામે મંજૂર કરાયો હોય તો કોના ખાતામાં રૂપિયા ૧૨૦૦૦/-હજાર નાખવામાં આવ્યા તે પણ તપાસનો વિષય છે. વર્ષ:૨૦૧૯ થી ૨૦૨૪માં નિઝર તાલુકામા સર્વે કરવામાં આવે તો વ્યક્તિગત શૌચાલય યોજનામાં લાખો રૂપિયાનું કૌભાંડ બહાર આવવાની શક્યતા નકારી શકાતી નથી ! મૃત થયેલ વ્યક્તિના શૌચાલય ચાઉં થઈ જતા હોય તો અન્ય વ્યક્તિ સાથે શુ કરતા હશે ? એવા સ્થાનિક તંત્ર ઉપર સવાલ ઉઠવા પણ વ્યાજબી છે.ગ્રામ્ય કક્ષાના લોકોને વ્યક્તિગત શૌચાલયની સુવિધા મળે તે માટે સરકારશ્રી દ્વારા વ્યક્તિગત (ઘર ઘર ) શૌચાલય યોજના બહાર પાડવામાં આવેલ છે. પરંતુ સેટિંગ ડોટ કોમના કારણે સરકારનો હેતુ બર આવતો નથી. નિઝર તાલુકાના ગામડાઓમાં મહિલાઓ મજબુર થઈને ખુલ્લામાં શૌચક્રિયા કરવા માટે જાય છે. નિઝર તાલુકાના તમામ ગામોમાં ઘર ઘર સર્વે (તપાસ) કરવામાં આવે તો લાખો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર નીકળશે ! હાલમાં જોવાનું રહ્યું કે સ્થાનિક તંત્ર દ્વારા નિઝર તાલુકાના તમામ ગામડાઓમાં વ્યક્તિગત શૌચાલય યોજના પ્રકરણમાં તપાસ હાથ ધરાશે ?!! એ એક મોટો પ્રશ્ન છે.

# નિઝર પોલીસ સ્ટેશનની જીરી ટીમ તથા GRD બહેનો દ્વારા સિનિયર સીટીઝનોને રાખડી બાંધવામાં આવી



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** તાપી જિલ્લાના નિઝર પોલીસ સ્ટેશનની જીરી ટીમ તથા GRD સભ્યો દ્વારા નિઝર/કુકરમુંડા તાલુકાના તમામ ગામડાઓ જઈને જીરી ટીમ દ્વારા રક્ષાબંધન તહેવારની નિમિત્તે ગામડાઓમાં સિનિયર સીટીઝનોને રાખડી બાંધવામાં આવી હતી. મળતી માહિતી મુજબ નિઝર સબજેલના આરોપીઓને તથા નિઝર પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓને પણ રાખડી બાંધવામાં આવી હતી. નિઝર/કુકરમુંડા તાલુકાના તમામ ગામડાઓના સિનિયર સીટીઝનો દ્વારા જાણવામાં આવ્યું છે કે અમારી કોઈ બહેનો નથી તો દર વર્ષે અમને કોઈ રાખડી બાંધવામાં આવતી નથી. આ વર્ષે નિઝર પોલીસ સ્ટેશનની જીરી ટીમ તથા ગ્ઇહ્ઠ બહેનો દ્વારા આજ રોજ રક્ષાબંધન નિમિત્તે રાખડીઓ બાંધવામાં આવી હતી. નિઝર/ કુકરમુંડા તાલુકાના તમામ ગામડાઓના સિનિયર સીટીઝનો આજ રોજ રાખડી બાંધવામાં આવતા એમના આંખોમાં ખુશીનો મોહોલ જોવા મળ્યો હતો. આ દ્રશ્ય જોઈને દરેકની આંખો ભીની થઈ ગઈ હતી. નિઝર પોલીસ સ્ટેશનની જીરી સ્ટાફની તથા GRD બહેનોની સરહાની કામગીરી સામે આવી છે.

# કે.વિ.કે. તાપી અને નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી-તાપીના સંયુક્ત ઉપક્રમે મધમાખી પાલન વિશે ખેડૂત તાલીમ યોજાઈ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-તાપી અને નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી-તાપીના સંયુક્ત ઉપક્રમે નવસારી કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. ઝેડ. પી. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ન. મ. કૃષિ મહા વિદ્યાલય ના હિરક મહોત્સવ ની ઉજવણી અંતર્ગત મધમાખી પાલન વિશે ખેડૂત તાલીમ કાર્યક્રમ તા. ૧૬ અને ૧૭/૦૮/ ૨૦૨૪ના રોજ યોજાયો હતો. જેમાં તાપી જિલ્લાનાં ૮૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે, તાપીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડયાએ બધાં મહેમાનોને આવકારી મધમાખી પાલનનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં ડૉ. પંડયાએ મધમાખી પાલનની તાપી જિલ્લામાં શક્યતાઓ અને કૃષિક્ષેત્રે મધમાખી ઓનું મહત્વ સમજાવ્યું હતું.ડૉ. જે. જે. પસ્તાગીયા, પ્રોફેસર અને હેડ, ન. મ. કૃષિ વિદ્યાલય, ન. કૃ. યુ., નવસારી દ્વારા મધ માખી ની જાતિઓ, મધમાખી પાલનમાં કાળજી રાખવામાં આવતી બાબતો અને મધમાખી પાલનમાં વિવિધ રોગો-જીવાતૂનું નિયંત્રાણ તેમજ મધમાખી પાલનથી મળતી પેદાશો તથા તેના ફાયદાઓ વિશે માહિતી આપી હતી.શ્રી તુષારભાઇ ગામીત, નાયબ બાગાયત અધિકારી દ્વારા ખેડૂતોને મધમાખી પાલન વિશે સરકારી યોજનાઓની માહિતી આપી હતી. શ્રી કેયૂર પટેલ (પી એમ એફ એમ ઇ) દ્વારા ઉદ્યોગ સાહસિકો માટે શરૂ કરવામાં આવેલભારત સરકારની "પ્રધાનમંત્રી માઇક્રો ફૂડ પ્રોસેસિંગ ફોર્મલાઇ જેશન એન્ટરપ્રાઈજ યોજના" વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.શ્રી અશોકભાઇ પટેલ, સહ્યાદ્રી મધફાર્મ, સોલધરા જિ. નવસારી દ્વારા મધમાખી પાલનના ઈતિહાસ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.જેમાં તેમણે મધમાખીની જાતો પ્રત્યક્ષ બતાવીને મધ બનાવવાની પ્રક્રિયા વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને કેવિકેના વિવિધ નિદર્શન એકમોની મુલાકાત કરાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ ડૉ. એચ. આર. જાદવ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# પીપળકુવા ગામે આદિજાતિ વિકાસ રાજયમંત્રીશ્રી ના હસ્તે હાઈબ્રીડ શાકભાજી બિયારણ કીટ વિતરણ કરાયું



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના પિપળકુવા ગામે આજરોજ રાજયકક્ષાના આદિજાતિ વિકાસ,શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના વરદ હસ્તે ૫૮ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોને રૂા.૧.૧૬ લાખના ખર્ચે ઊઁઈ્-૩ હાઈબ્રીડ શાકભાજી બિયારણ કીટનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. નાયબ બાગાયત કચેરી, વ્યારા આયોજીત કાર્યક્રમમાં ઉત્સાહ ભેર ખેડૂતો ઉમટી પડ્યા હતા.રાજયકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે ખેતી કરવી ખૂબ જ અગત્યની છે. જૈવિક ખાતરના ઉપયોગ કરી ધીમે ધીમે રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરી, પ્રાકૃતિક ખેતી નું ઉત્પાદન વધારી આવક બમણી કરવા અનુરોધ કર્યો હતો. માર્કેટ વ્યવસ્થા માટે હાટબજાર પણ આપવામાં આવશે. આમ સરકારશ્રી તમારા આંગણે લાભો આપવા આવી છે ત્યારે સરકારશ્રીની યોજનાઓનો લાભ લઈ વિકાસના ક્ષેત્રો હાંસલ કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.નાયબ બાગાયત નિયામકશ્રી તુષારભાઈ ગામીતે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર યોજનાકિય સહાયની ઓન લાઈન અરજી કરવા ખેડૂતોને જણાવ્યું હતું. વધુમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે. ઉત્પાદનની સાથે ખર્ચ કેવી રીતે ઘટાડવો તેનું પણ માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે પિપળ કુવા,જમાપુર, ગુણસદાના સરપંચશ્રીઓ, કેવીકે વ્યારાના પ્રા.આરતી સોની, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના કેયુર પટેલ, સમાજીક આગેવાન અરવિંદ ભાઈ ગામીત, પરેશભાઈ, યોગેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉચ્છલનાં ટોકરવા ગામના મોટા ફળિયા ખાતેથી વરલી મટકાના આંકો ઉપર જુગાર રમતા આરોપીઓને ઝડપી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ શ્રી એન.જી. પાંચાણી, ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ. સી. બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઇ એલ.સી.બી. તાપી, એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે ઉચ્છલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના અ.હે.કો જયેશભાઇ લીલકિયાભાઇ તથા અ.પો.કો. રવિન્દ્રભાઇ મહેન્દ્રભાઇને સયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ છે કે, "ઉચ્છલના ટોકરવા ગામના મોટા ફળિયાંમાં નરેશભાઇ ઝીકા ભાઇ વસાવા પોતાના ઘરે મુંબઈથી નિકળતા વરલી મટકાના હારજીતના આંકડા ઉપર જુગાર રમાડે છે " જે બાતમી આધારે એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઇ, એલ.સી.બી. તાપી, એલ.સી.બી. તાપી/પેરોલ-ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા આરોપી- (૧) નરેશભાઇ ઝિકાભાઇ વસાવા ઉ.વ.૪૨, રહે. ટોકરવાગામ મોટુ ફળિયું. તા.ઉચ્છલ જી.તાપી (૨) પિયુશભાઇ કિશનભાઇ વસાવા ઉ.વ.૩૫ રહે.- ટોકરવા ગામ નાનુ ફળીયુ તા.ઉચ્છલ જી.તાપી (૩) મનિશભાઇ ભામટ્યાભાઇ વસાવા ઉ.વ.૪૫ રહે.- ટોકરવા ગામ નાનુ ફળીયુ તા.ઉચ્છલ જી.તાપી (૪) યોગેશભાઇ ખાતર્યાભાઇ વસાવા ઉ.વ.૩૫,રહે.- ટોકરવાગામ મોટુ ફળીયુ તા.ઉચ્છલ જી.તાપીને મુંબઈ થી નિકળતા વરલી મટકાના જુગારના આંકડાનો જુગાર રમી/રમાડી બુકો નંગ-૦૨, તથા આંકો લખેલ કાપલીઓ નંગ-૫ મળી કુલ્લે કિ.રૂ.૧૫,૮૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી આ આરોપીઓ વિરૂધ્ધમાં કાયદેસર ની કાર્યવાહી કરી આગળની વધુ કાર્યવાહી માટે ઉચ્છલ પોલીસ સ્ટેશનને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :-ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એન. જી. પાંચાણી એલ. સી. બી. તાપીની સુચનાથી એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઇ, અ.હે.કો. જયેશભાઇ લીલકીયા ભાઇ, અ.પો.કો. રવિન્દ્રભાઇ મહેન્દ્રભાઇ, તમામ નોકરી એલ.સી.બી. તાપી તથા અ.પો.કો. રાહુલભાઇ દિગંબરભાઇ પેરોલ/ફર્લો સ્કોડ-તાપીએ કામગીરી કરેલ છે.